**ભરૂચના સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.**

**પોકસો કેસ નં.૦૭/૨૦૨૬**
**આંક–૧૯**

**ફરીયાદી:– સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:– ૧. સચીનભાઇ ગીરીશભાઇ ઠાકોર**
**ઉ.વ. ૨૩, ધંધો. મજુરી**
**રહે. ટુંડજ ઠાકોર ફળીયું, તા.જંબુસર, જી.ભરૂચ.**
**૨. જયેશભાઇ ઘનશ્યામભાઇ ઠાકોર**
**ઉ.વ. ૨૪, ટુંડજ ઠાકોર ફળીયું, તા.જંબુસર,જી.ભરૂચ.**

**<u>–: આંક–૦૧ નીચે થયેલ હુકમના આધારે તહોમતનામું:–</u>**

હું એચ.એચ.ગાંધી સ્પેશ્યલ જજ(પોકસો) અને ત્રીજા અંડીશ્નલ સેસન્સ જજ, ભરૂચના આથી તમો આરોપી નં.૧ સચીનભાઇ ગીરીશભાઇ ઠાકોર અને આરોપી નં.૨ જયેશભાઇ ઘનશ્યામભાઇ ઠાકોર વિરૂધ્ધ નીચે મુજબ તહોમતનામું ફરમાવું છું કે, તા.૧૪/૦૩/૨૦૨૬ના પહેલાના બે વર્ષથી તમો આરોપીનં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર અને ભોગબનનાર એકબીજાથી પરીચીત હતા અને તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર અને ભોગબનનાર મિત્રતામાં વાતો કરતાં અને તમો આરોપી નં.૧ જાણતા હતા કે ભોગબનનાર સગીર ઉંમરની છે અને ૧૮ વર્ષથી નીચેની ઉંમરની છે છતાં તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર જાતીય ઇરાદાથી ભોગબનનારની સાથે સતત ફોન ઉપર વાત કરતો અને મેસેજ કરતો અને ભોગબનનારને પ્રેમ કરતો તેવું બતાવતો અને ભોગબનનારને તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર વારંવાર મહાદેવના મંદીરે મળતા અને તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનારને ફોન આપેલ જે ફોન થી તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર ભોગબનનાર સાથે સતત વાત કરતો અને તે રીતે તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોર સતત ભોગબનનાર સાથે રૂબરૂ સંપર્ક કરતો અને ઇલેકટ્રોનીક રીતે રૂબરૂ

સંપર્ક કરતો અને ભોગબનનારનો તે રીતે સતત જોયા કરતો અને ભોગબનનારના જન્મ દિવસે ભોગબનનારના ઘરે તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોર ગયેલ અને ભોગબનનાર અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોર એ રીતે રૂબરૂ મળેલ અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોર તે રીતે ભોગબનનાર સાથે જાતીય સતામણી કરતો અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ ભોગબનનાર સાથે લગ્ન કરવાના, બળાત્કાર કરવાના અને પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરવાના ઈરાદે ભોગબનનારને ભગાડવાનું નક્કી કરી તે રીતે ભોગબનનારને તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ બપોરના એકાદ વાગ્યાના અરસામાં બનાવવાળી જગ્યાએ મહાદેવ મંદીરે મળવા બોલાવેલ અને ભોગબનનાર મહાદેવ મંદીરે તા.૦૫/૦૩/૨૦૨૬ના બપોરના એકાદ વાગ્યાના અરસામાં તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઈ ઠાકોરના બોલાવવાથી ગયેલ અને તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ ભોગબનનારને લગ્ન કરવાનું અને ભાગી જવાનું કહેલ અને તા.૦૮/૦૩/૨૦૨૬ ના રાત્રીના એટલે કે તા.૦૯/૦૩/૨૦૨૬ના વહેલી સવારે ૨.૦૦ થી ૨.૩૦ વાગ્યાના અરસામાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ ભોગબનનારનું, ભોગબનનાર સગીર હોવા છતાં અને તે તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોર જાણતા હોવા છતાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ અપહરણ કરવાનું નક્કી કરેલ અને તે રીતે તા.૦૯/૦૩/૨૦૨૬ના વહેલી સવારે ૨.૦૦ થી ૨.૩૦વાગ્યાના અરસામાં તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઈ ઠાકોર ભોગબનનારનું તેના વાલીના કાયદેસરના વાલીપણામાંથી વાલીની સંમતી વગર ભોગબનનારના ઘરની પાછળ આવેલ મહાદેવ મંદીરે ભોગબનનારને બોલાવીને ભોગબનનારનું મોટરસાયકલ ઉપર અપહરણ કરેલ અને આ ભોગબનનારનું અપહરણ કરવામાં અને ભોગબનનારને મોટર સાયકલ ઉપર લઈ જવામાં તમો આરોપી નં. ૨ જયેશભાઈ ઘનશ્યામભાઈ ઠાકોરએ તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોરને મદદ કરેલ અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઈ ઠાકોર અને ભોગબનનારને તમો આરોપી નં.૨ જયેશભાઈ ઘનશ્યામભાઈ

ઠાકોરએ ચિત્રાલ ગામના ખેતરમાં છોડેલ અને તે રીતે તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોરને ભોગબનનારનો પ્રત્યક્ષ સંપર્ક થાય અને તમો આરોપીનં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર ભોગબનનારને જોયે, મળે તે રીતે જાતીય સતામણી કરે તેમાં પણ તમો આરોપીનં.૨ જયેશભાઇ ઘનશ્યામભાઇ ઠાકોરએ તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોરને મદદગારી કરેલ છે અને ભોગબનનારનું અપહરણ કરવામાં તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોરને તમો આરોપી નં.૨ જયેશભાઇ ઘનશ્યામભાઇ ઠાકોરએ મદદગારી કરેલ છે અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનારને ચિત્રાલ ગામના ખેતરમાં બનાવવાળી જગ્યાએ રાખેલ અને તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોર, ભોગબનનારને લઇને તેમના બનેવીને ત્યાં ગયેલ, ત્યાં બનેવીએ રાખવાની ના પાડેલ ત્યાંથી તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર ભોગબનનારને ચાલતાં ચાલતાં મુવાલ લઇ ગયેલ ત્યાંથી વાહનમાં બેસીને માણેજા તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરના માસીના ઘરે ગયેલ અને ત્યાં રાત રોકાયેલ, ત્યાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનારની ઇચ્છા વિરૂધ્ધ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને  તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર જાણતો હતો કે ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનાર સાથે બળાત્કાર, પ્રવેશ જાતીય હુમલો કરેલ અને તા.૧૦/૦૩/૨૦૨૬ના રોજ તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરના માસીએ  તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરને ઘરેથી જતાં રહેવાનું કહેતા તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોર, ભોગબનનારને વડોદરા હાઇવે ઉપર લઇ જઇ ત્યાંથી ટેમ્પામાં ભરૂચ નર્મદા ચોકડીએ લાવેલ, ત્યાંથી વાનમાં બેસી  તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઇ ઠાકોરના કાકી શીલા ઉર્ફે ટીનાના મમ્મીના ગામ ગોવાલી ભોગબનનારને લઇ ગયેલ ત્યાં પણ રાખવાની ના પાડતાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનારને તા.૧૦/૦૩/૨૦૨૬ થી ગોવાલી ગામની સીમમાં કેળાના ખેતરમાં રાખેલ અને ત્યાં કેળાના ખેતરમાં તમો આરોપી નં. ૧ સચીન ગીરીશભાઇ ઠાકોરએ ભોગબનનાર સાથે વારંવાર

બે થી ત્રણ વખત શરીર સંબંધ બાંધેલ અને તે રીતે બળાત્કાર,પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને તે રીતે તમો આરોપી નં.૧ સચીન ગીરીશભાઈ ઠાકોરએ બી.એન.એસ.ની કલમ–75(1)(i)(ii) ના ભંગ બદલ 75(2), 64(1), 64(2)(i)(m), 87, 137(2) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ– 3(a) ના ભંગ બદલ કલમ- 4(1), 5(l)ના ભંગ બદલ કલમ-6(1), 11(4) ના ભંગ બદલ કલમ-12 નો તેમજ તમો આરોપી નં.૨ જયેશભાઈ ઘનશ્યામભાઈ ઠાકોરએ બી.એન.એસ.ની કલમ–75(1)(i) ના ભંગ બદલ 75(2),87,137(2) સાથે વાંચતા કલમ-54 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ-12 તથા કલમ-16ના ભંગ બદલ કલમ-17 મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

આથી હું આદેશ ફરમાવવું છું કે, સદરહુ તહોમત માટે આ ન્યાયાલય તરફથી તમો આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહીનું કામ આગળ ચલાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૬ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)